## જન્મદિને વધામણી



મયંક દવે
ટ્રસ્ટી, સુરમધુર કલાવૃંદ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦ ૨૨૭૨૬



મૂળજીભાઈ પરમાર 'દધિ'
મો. ૯૮૨૪૨ ૩૬૮૯૩



ધ્રુવકુમાર સીતારામભાઈ પટેલ
ફિલ્મ સ્ટાર
મો. ૯૮૯૮૦ ૯૫૨૦૦



તુષાર જગદીશચંદ્ર દવે
પ્રમુખ, સંસ્કાર ગ્રુપ
મો. ૮૫૧૧૮ ૮૮૭૧૨



સ્મિતા કે ત્રિવેદી
સિનિયર લેક્ચરર, ડાયેટ, મહેસાણા



મોઈનરઝા મહંમદહબીબ શેખ
મો. ૯૩૨૭૩ ૮૪૯૬૭

# આજથી સૅટરડે નાઈટની ત્રીજી સિઝન નગરના કલાકારો-કલારસિકોને નિમંત્રણ

### સૌ કલાકારો સાથે મળીને સૅટરડે નાઈટ્સની ત્રીજી સિઝનનો આરંભ કરે એવું સંસ્થાનું આયોજન : ધી અર્થિંગ સોસાયટી પાંચ લઘુ નાટકો પ્રસ્તુત કરશે

ગાંધીનગર, તા. ૩૧

સ્વર્ણિમ પાર્કખાતે દર શનિવારે 'સૅટરડે નાઈટ્સ' નામક કાર્યક્રમના માધ્યમથી નગરજનોને નિઃશુલ્ક મનોરંજન પીરસતા ગાંધીનગરના કલાકારો દ્વારા પહેલી એપ્રિલથી સૅટરડે નાઈટ્સની ત્રીજી સિઝનનો આરંભ થઈ રહ્યો છે.

કાર્યક્રમની આયોજક સંસ્થા પ્લગ ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સના સંચાલક દિવ્યકાન્ત વર્માએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સૅટરડે નાઈટ્સની ત્રીજી સિઝનનો પ્રારંભ પહેલી એપ્રિલના રોજથી કરવામાં આવી રહ્યો છે. સ્વર્ણિમ પાર્ક ખાતે મ્યુઝિકલ ફાઉન્ટેઈન પાસે દર શનિવારે રાત્રે ૯.૦૦ કલાકે કલાકારો એકત્ર થઈને નગરજનોને નિઃશુલ્ક મનોરંજન આપે એવો આ ઉપક્રમ છે, જેમાં ગીત-સંગીત-નાટક-સ્ટેન્ડ અપ કૉમેડી અને નૃત્યની કૃતિઓનો સમાવેશ પણ થાય છે.

શનિવારે સૅટરડે નાઈટ્સની ત્રીજી સિઝનના આરંભે નગરના સૌ કલાકારોને તથા કલારસિકોને ઉપસ્થિત રહેવા તેમણે હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે. સૌ કલાકારો સાથે મળીને સૅટરડે નાઈટ્સની ત્રીજી સિઝનનો આરંભ કરે એવું આયોજન સંસ્થાનું હોવાનું તેમણે જણાવ્યું છે.

કલાકારો દ્વારા શુભારંભ બાદ ધી અર્થિંગ સોસાયટી, અમદાવાદના કલાકારો દ્વારા પાંચ શૉર્ટ પ્લે (લઘુ નાટકો) સૅટરડે નાઈટ્સમાં ભજવાશે.

સૌ કલારસિક નગરજનોને આ કાર્યક્રમનો લાભ લેવા માટે તેમણે અનુરોધ કર્યો છે.





જય અંબે મિત્ર મંડળ, સૅક્ટર-૬ દ્વારા અપના બજાર પાસે ચૈત્ર માસ નિમિત્તે લીમડાના રસનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ચૈત્ર માસમાં લીમડાના રસનું સેવન કરવાથી શરીર નિરોગી રહે છે એ બાબત જાણ્યા પછી નગરજનોનાં શરીર નિરોગી રાખવાની નેમ સાથે અપના બજાર પાસે રહેતા અને વ્યવસાય કરનારા ત્રણ મિત્રો વિજયસિંહ ચાવડા (અંકિત પાન સૅન્ટર), રમેશભાઈ મેણા (ભાજીપાંઉ કારીગર, ગુલાલવાડી), જીવણભાઈ ભરવાડ (ઑફિસબૉય) દ્વારા લીમડાના રસની આ સેવાનો આરંભ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે સૅક્ટર-૬ બીના રહેવાસી અનિલભાઈ જોષી અને તેમનાં ધર્મપત્ની વર્ષોથી નગરજનોને નિઃશુલ્ક લીમડાનો રસ ચૈત્ર માસ દરમિયાન પીવડાવતા હતા. આ વખતે તેમની નાદુરસ્ત તબિયતને કારણે તેઓ આ સેવાકાર્યનો આરંભ નથી કરી શક્યા. પરંતુ એવા સમયે લીમડાના રસની આ સેવા અટકે નહીં તેનું ધ્યાન આ ત્રણ મિત્રોએ રાખ્યું છે અને લીમડાના રસની સેવા નગરજનોને આપી રહ્યા છે. સવારે ૭થી ૯ દરમિયાન તેઓ લીમડાના રસનું વિતરણ નગરજનોને નિઃશુલ્કપણે કરે છે, જેનો લાભ લેવા તેમણે સૌ નગરજનોને અનુરોધ કર્યો છે.

## ડાયરેક્ટ ❤ સે

ઈતના ક્યું
સિખાયે જા રહી હે
એ જિંદગી ?
હમે કહાં
સદીયાં ગુઝારની હે !

# બદપુરા ગામે ક્ષય-રકતપિત્ત જાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા. ૩૧

માણસા તાલુકાના બદપુરા ગામે કે.વી.બી. ચૌધરી વિદ્યાલય ખાતે જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબી તેમજ લેપ્રેસી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા બાળકોને ડીપીપીએમસી કેયુર જયસ્વાલ, એસટીએસ પ્રશાંત ચિરંદાસ તથા લેપ્રેસી સુપરવાઈઝર ડી.જી. પટેલ દ્વારા ક્ષય તથા રકતપિત્ત રોગ અંગે તલસ્પર્શી માહિતી-માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતમાં બાળકોનો ટેસ્ટ લઈ વિજેતા બાળકોને ઈનામોથી સન્માનવામાં આવ્યા હતા. સૌ ઉપસ્થિત નાગરિકોએ એક અવાજથી આ કાર્યક્રમ અને આયોજકોનાં કાર્યની સરાહના કરી હતી.

# વિપીએમપી પોલીટેકનીક ખાતે "ફિયરલેસ લાઈફ ઍન્ડ પર્સનાલિટી ડેવલપમૅન્ટ" ઉપર સેમિનાર યોજાયો





વિપીએમપી પોલીટેકનીકમાં તા. ૨૮મી માર્ચના રોજ રાજયના જાણિતા મોટીવેશનલ ટ્રેઈનર, લેખક, સફળ બિલ્ડર અને યુવા ઉદ્યોગ સાહસિક સંજય રાવલ દ્વારા "ફિયરલેસ લાઈફ ઍન્ડ પર્સનાલિટી ડેવલપમૅન્ટ" વિષય ઉપર સંસ્થાના બીજા અને ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે સેમિનાર યોજાયો હતો. સમાજમાં પ્રચલિત સફળતા વિશેના પારંપરિક ખયાલો અને વ્યાખ્યાઓથી તદ્દન અલગ જ શબ્દોમાં સમજાવતા તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થી પોતે જ પોતાના ભાગ્યનો નિર્માતા છે અને જીવનમાં આવતા સુખ અને દુઃખની ચાવીઓ પણ આપણા જ હાથમાં છે. વેદ પરંપરાથી ચાલી આવતી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પૈકી ધર્મ અને કામ માનવીના હાથમાં જ છે, જ્યારે અર્થ અને મોક્ષ ઈશ્વરને આધીન છે. કોઈપણ કામમાં સંપૂર્ણ નિષ્ઠા અને આત્મ-વિશ્વાસ જ સફળતાની મેળવવાની ચાવીઓ છે. આ સેમિનારમાં સંસ્થાના પ્રિન્સીપાલ શ્રી એ. જે. પટેલ, અધ્યાપકો અને આશરે ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારના અંતે વક્તા દ્વારા લખાયેલા પુસ્તકોનું પ્રદર્શન અને વેચાણ પણ રાખવામાં આવ્યું હતું, જેને ખૂબ જ બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

# વર્લ્ડ ઓટિઝમ ડે અંતર્ગત વિશિષ્ટ બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩૧

આગામી તા. ૨જી એપ્રિલે "વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડે" ઉજવાશે. આ અંતર્ગત ભોલારામ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સારાંશ ફાઉન્ડેશન દ્વારા વિશિષ્ટ બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અમદાવાદના વસ્ત્રાપુરમાં આલ્ફાવન મૉલ ખાતે તા. ૨જી એપ્રિલે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.

આ કાર્યક્રમ કોઈ હૉલમાં નહી પરંતુ મૉલમાં યોજવાનું મુખ્ય કારણ એ છે કે આ પ્રકારના વિશિષ્ટ બાળકો સમાંતર ધારા સાથે જોડાય અને સમાજ પણ આવા વિશિષ્ટ બાળકોને સહજતાથી સ્વીકારે, તેમનું સન્માન જાળવે. આ કાર્યક્રમમાં વિશિષ્ટ બાળકો દ્વારા તથા તેમના શિક્ષકો દ્વારા નાટક, ગીત, ડાન્સ વગેરે સહિતની સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરાશે.

# સર્વ વિદ્યાલય કૅમ્પસમાં ૧૯મીથી સમર કૅમ્પ

ગાંધીનગર, તા. ૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પરિસર, સૅક્ટર-૨૩ ખાતે કેજીથી ધોરણ-૧૨ સુધીના ગાંધીનગર શહેર અને આસપાસનાં ગ્રામ વિસ્તારોમાં રહેતા તમામ વિદ્યાર્થીઓ માટે ઉનાળુ વૅકેશનમાં એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ક્રિએટીવ ઝોનના બૅનર તળે યોજાઈ રહેલા આ ઉનાળુ શિબિરનો પ્રારંભ તારીખ ૧૯મી એપ્રિલથી કરવામાં આવી રહ્યો છે.

તારીખ ૧૯ એપ્રિલ ને બુધવારથી તારીખ ૨૪ એપ્રિલ ને સોમવાર સુધી આ શિબિર ક્રિએટીવ ઝોન ખાતે ચાલશે.

શિબિરમાં ભાગ લેવા માટેનાં ફૉર્મ સવારે ૯થી બપોરના ૩ કલાક સુધી ક્રિએટીવ ઝોન, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતેથી મળી શકશે અને શિબિરમાં પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે એવું આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## વાચકોને આમંત્રણ


### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**

# વિશ્વ રંગભૂમિ દિવસની યાદગાર ઉજવણી : સહુનો લાડકવાયો











thorat1239@gmail.com

નાટક સફળતાપૂર્વક પૂર્ણ થયું. ઑડિયન્સમાં બેઠેલા નિર્માતાનો અવાજ હૉલમાં ગૂંજ્યો : 'કર્ટેઈન કૉલ.' અને એક પછી એક બધા જ કલાકારો આવીને સ્ટેજ પર કતારબંધ ગોઠવાઈ ગયા. બધા જ કલાકારો સ્ટેજ પર ગોઠવાઈ ગયા છે એ બાબતની ખાતરી કર્યા પછી સૌથી છેલ્લે સિનિયર કલાકાર અને આ નાટકના દિગ્દર્શક સૌ કલાકારોની કતારમાં આવીને ઊભા રહ્યા. એ સાથે જ પ્રેક્ષકોએ તાળીઓનો ગડગડાટ શરૂ કર્યો અને આ તાળીઓનો પ્રતિસાદ કલાકારો આપે એ પહેલાં જ બધા પ્રેક્ષકો ઊભા થઈ ગયા અને પ્રચંડ તાળીઓ હૉલમાં ગુંજાવી દીધી.

સૌ કલાકારોએ હાથ જોડ્યા અને દિગ્દર્શકની આંખોમાં આંસુ આવી ગયાં. એ પ્રેક્ષકોને સંબોધન કરવા માટે આગળ તો આવ્યા પણ લાગણીને કાબૂમાં ન રાખી શકતાં બે મિનિટ માત્ર આંખો બંધ કરીને આંસૂ ખાળતા ઊભા જ રહ્યા. એ દરમિયાન પ્રેક્ષકોએ પણ મૌન જાળવ્યું. અજબની અદબભરી શાંતિ હૉલમાં છવાઈ ગઈ.

ખોંખારો ખાઈને સ્વસ્થ થવાનો નિષ્ફળ પ્રયાસ કર્યા પછી દિગ્દર્શકે ભીના અવાજે જ બોલવાનું ચાલુ કર્યું, 'આ આંખો માત્ર એટલા માટે ભીની નથી થઈ કે તમે આ નાટકને આટલો પ્રોત્સાહક પ્રતિભાવ આપ્યો. પરંતુ આ આંખો એટલે પણ ભીની થઈ છે કે શહીદોને સન્માન આપવા માટે આપ સૌ અહીં આવ્યા.'

આ શબ્દો પ્રેક્ષકો સુધી પહોંચતાં જ હૉલની શાંતિનો ભંગ થયો અને પુનઃ તાળીઓનો ગડગડાટ હૉલમાં ગુંજવા લાગ્યો.

આ આખીય ઘટના વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે આયોજિત નાટક 'સહુનો લાડકવાયો'ના મંચન પછી જોવા મળી હતી. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના પરિસરમાં સ્થિત હિરક મહોત્સવ હૉલમાં રંગબહાર કલ્ચરલ ફાઉન્ડેશન નિર્મિત અને રાજેન્દ્ર ભગત લિખિત આ નાટક ભજવાયું. જે સિનિયર કલાકાર અને દિગ્દર્શકનો આગળ ઉલ્લેખ કર્યો એ બીજું કોઈ નહીં પણ ગાંધીનગર શહેરના સિનિયર નાટ્યકાર કુંતલ નિમાવત. આ અનોખા નાટકનું સફળ દિગ્દર્શન એમણે કર્યું ને પ્રેક્ષકોને સાબિત કરી બતાવ્યું કે ગંભીર વિષયવસ્તુવાળાં નાટકો પણ કાઠું કાઢી શકે છે.

અલબત્ત, નાટકનું લેખન નબળું લાગ્યું. નાટ્યાત્મકતા ઘણી ઓછી હતી, એમાં સીધેસીધા પ્રસંગો ને વાતો જ લખવામાં આવી હતી. પરંતુ, તેમ છતાં નાટકનું મંચન અસરકારક રહ્યું એ તો સ્વીકારવું જ પડે.

વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી નિમિત્તે આયોજિત આ નાટક સફળ રહ્યું એ જ કારણે અહીં સ્થાન પામ્યું છે એવું નથી, પરંતુ એમાં ઘણી એવી વિશેષ બાબતો હતી જેમનો ઉલ્લેખ કરવો આ લખનારને જરૂરી લાગે છે.

સૌથી પહેલી અને સલામેકાબિલ વાત એ કે નાટકનો વિષય હતો શહીદોને સન્માનનો. ન માત્ર દેશના, પરંતુ પોતાના દેશ માટે મરી ફિટનારા દુનિયાભરના સૈનિકોને સન્માન આપવું જોઈએ એવો ઉમદા સંદેશો આ નાટકે વહેતો મૂક્યો હતો.

બીજી વિશેષતા, એના મંચન માટે ઉપક્રમ વિશ્વ રંગભૂમિ દિવસનો નિયત કરવામાં આવ્યો હતો.

ત્રીજી વિશેષતા, આ નાટકમાં ભાગ લેનારા કલાકારો પૈકી મોટાભાગના કલાકારો નવા હતા, ત્રણેક તો એવા કે પ્રથમ વાર સ્ટેજ પર પદાર્પણ કરી રહ્યા હતા અને ચાર એવા કે જેઓ પ્રથમ વાર આટલી મહત્ત્વની ભૂમિકા અદા કરી રહ્યા હતા. પરંતુ તેમ છતાં એ સૌનું પરફૉર્મન્સ યાદગાર રહ્યું. કલાક્ષેત્રની ઉજળી આવતીકાલ સમા નાટ્યપ્રેમી યુવા કલાકાર ડેનિસ ભદોરિયા, જયેશ શ્રોત્રિય, શિવમ મેવાડા, ધ્રુવિલ સેન, યશ જોશી, જિજ્ઞેશ શાહ, સંકેત પટેલ, હર્ષ પ્રજાપતિ, કૃપા ઠક્કર, કૃપા ત્રિવેદી અને હેમાક્ષી રાવલે પોતાની ભૂમિકા સારી રીતે અદા કરી.

ચોથી વિશેષતા, તાજેતરમાં શહીદ થયેલા બાપુનગર, અમદાવાદના રહીશ ગોપાલસિંહ ભદોરિયાના ભાઈ વિક્રમસિંહ ભદોરિયા આ નાટક જોવા ઉપસ્થિત રહ્યા હતા. નાટક બાદ એમને બોલવાની તક આપવામાં આવી ત્યારે તેઓ બોલ્યા, 'આ નાટક મેં જોવાનો પ્રયત્ન તો કર્યો પરંતુ એ મારાથી સહન ન થયું. મારો ભાઈ શહીદ થયો ત્યારે મેં જે વેદના ભોગવી હતી એ જ વેદના અહીં સ્ટેજ પરથી પણ વ્યક્ત થઈ, જે મને હચમચાવી ગઈ.' આમ બોલતાં એમની આંખોમાં આંસૂ ધસી આવ્યાં અને શબ્દો ગળાના ભેજમાં ઑગળી ગયા. પ્રેક્ષકોએ એમનેય તાળીઓથી વધાવી લીધા.

પાંચમી વિશેષતા, આ નાટકમાં ભજવાયેલું ગીત 'ચાર દિનોં કી છૂટ્ટી હે ઔર ઉનસે જાકર મિલના હે...' સિલ્વર જ્યુબિલી સ્ટાર રાજેન્દ્રકુમાર અભિનિત 'આસ કા પંછી' ફિલ્મના આ યાદગાર ગીત પર નાટકમાં સૈનિક બનેલા યુવાનોએ એવો તો મદમસ્ત માહોલ ઊભો કર્યો કે મન ડોલી ગયું. ફરી-ફરીને આ ડાન્સ જોયા કરીએ એવી ઈચ્છા અનેક પ્રેક્ષકો દ્વારા વ્યક્ત કરવામાં આવી. આ ગીત પરનો ડાન્સ એટલો સફળ રહ્યો કે માત્ર તેણે જ ઘણી બધી તાળીઓ એકત્ર કરી લીધી.

નાટકની છઠ્ઠી વિશેષતા એટલે તેના સંવાદો. 'યહાં માલિક તય કરતા હે કિ કુત્તા કિસે કાટે ક્યુંકિ કુત્તા તો હુકૂમ દેનેવાલોં કી ચૌકી કરતા હે...' 'હમેં કબ દોસ્ત બનના ઔર કબ દુશ્મન યહ હમ તય નહીં કરતે, હમારે ઉપરવાલે તય કરતે હૈં...' 'મેરા બેટા મરા નહીં, શહીદ હુઆ હે ઔર શહીદોં કી મૌત પર આંસૂ નહીં બહાતે...'

નાટકની સાતમી વિશેષતા એટલે કુંતલ નિમાવતનું સબળ દિગ્દર્શન. ગંભીર વિષયના નાટકને ગંભીર બનાવીને પીરસ્યું ને તોય એનાથી પ્રેક્ષકોને જોરદાર મનોરંજન પણ મળ્યું એ દિગ્દર્શનની સફળતા.

અને નાટકની આઠમી વિશેષતા એટલે ગાંધીનગરના ઑલટાઈમ હિટ કલાકારો. બૅક સ્ટેજમાં દેવલ રામાવત, મ્યુઝીકમાં ફાલ્ગુન નંદા અને સ્ટેજ પર અભિનયમાં પ્રતીક હિરપરા, કરણ રાજવીર, મૌન સાધુ અને ખુદ કુંતલ નિમાવત. આ બધા જ કલાકારો લાજવાબ, બધા જ યાદગાર! નૅગેટીવ ભૂમિકામાં કરણ રાજવીર, શીખ સૈનિકના રોલમાં મૌન સાધુ અને શહીદના પિતાના રોલમાં કુંતલ નિમાવત મન પર ઘેરી છાપ છોડી ગયા. એમાંય દીકરો શહીદ થવાના સમાચાર જ્યારે મળે છે ત્યારે પહાડ જેવા પિતા ભાંગી પડે છે એ દૃશ્ય એવું તો અસરકારક રીતે ભજવાયું કે પ્રેક્ષકો રડી પડ્યા. શહીદના માનમાં શહીદના પિતાએ ગરવા શબ્દોનું ઉચ્ચારણ કર્યું ત્યારે તો અનેક પ્રેક્ષકોને ધ્રુસકે ધ્રુસકે રડતા આ લખનારે જોયા હતા. ખરેખર, સલામ છે આવી અભિનયક્ષમતાને, આવી અસરકારક કલાકારીને!

"સહુનો લાડકવાયો" નાટકમાં શહાદતની સલામેકાબિલ વાત કરવામાં આવી હતી. ઉપરાંત યુદ્ધની ઘૃણાસ્પદ માનસિકતા ઉપર ચાબખા પણ મારવામાં આવ્યા હતા. માનવીય મૂલ્યોની સંવેદી લાગણીશીલતા અને જીવનની વાસ્તવિક કરૂણાંતિકા વચ્ચેના દ્વંદ્વનું સંતુલિત ચિત્રાણ આ નાટકમાં અસરકારક રીતે કરાયું હતું.

ચીન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ઘેરાયેલી ભારતની ઉત્તર સીમા શિયાચીનની પૃષ્ઠભૂમિ ઉપર આ નાટક રચાયું હતું. દરિયાઈ સપાટીથી ૮૦૦૦ મીટર ઊંચે, કારાકોરમ વિસ્તારમાં હાડ થીજાવી નાખતી માઈનસ ૪૦ ડિગ્રી ઠંડી અને અસ્તિત્વને હલબલાવી નાખતી એકલતા વચ્ચેય દેશના સન્માનનીય સૈનિકો પોતાની ફરજ અચૂકપણે નિભાવે છે એ ગરવી વાત અહીં અસરકારક રીતે રજૂ કરવામાં આવીહતી. જીવન ટકાવી રાખવુંય જ્યાં દોહ્યલું છે એવા વિષમ વાતાવરણમાં શારીરિક, માનસિક તકલીફો વેઠતા સૈનિકો પોતાની નજર સમક્ષ પોતાના સાથીઓને મરતાં જુએ છે, માનસિક સંતુલન ગુમાવીને પાગલ થતાં જુએ છે તો ક્યારેક કપરી વાસ્તવિકતા સામે ઝઝૂમીને આત્મહત્યા કરતાં પણ જુએ છે. અને ત્યારે આ સૈનિકોનાં મનમાં એક જ સવાલ ઘૂંટાયા કરે છે, આખરે આ યુદ્ધ શા માટે ?

રંગબહાર થિયેટર, રાજેન્દ્ર ભગત, કુંતલ નિમાવત અને સમગ્ર ટીમને આ જાનદાર પરફૉર્મન્સ માટે દિલથી સલામ!